NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું/સમય મર્યાદા**

## પરિપત્ર

**ખર્ચ ટ્રાન્સફર/ સરભર કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ, નિયંત્રણ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના તિજોરી વિભાગમાં ઘણી કચેરીઓ દ્વારા જુદીજુદી યોજનાઓના બીલ પાસીંગ અર્થે રજુ કરવામાં આવે છે. જે તે કચેરી હસ્તકની યોજનાઓ ના હેતુઓ સમયમર્યાદામાં સિદ્ધ થઇ શકે તેમજ યોજનાઓના લાભાર્થીઓને સમયસર લાભો મળી રહે તે ખુબજ અગત્યનું હોય છે. જે અર્થે **ઘણી યોજનાઓમાં ફંડિંગ એજન્સી તરફથી સમયસર પર્યાપ્ત માત્રામાં ફંડ ન મળવાના કારણે** ઘણા બીલોના ખર્ચાઓ જે તે **યોજના ના બજેટ સદરે ન ઉગવતા** સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી **અન્ય યોજનાઓમાં ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં ઉગવવામાં આવે છે**. અન્ય યોજનાઓમાં ખર્ચ કરવા માટે સક્ષમ કક્ષાએથી આવી મંજુરી **મૂળ યોજના બજેટ સદરે ફંડિંગ એજન્સી તરફથી ગ્રાન્ટ/ફંડ મળ્યેથી ખર્ચાઓ ટ્રાન્સફર/ સરભર કરવવાની શરતે** આપવામાં આવે છે.

**અનુભવે ધ્યાને આવેલ છે કે**, ઉપરોક્ત વિગતે જે તે સમયે ખર્ચ થઇ ગયા બાદ જયારે ફંડિંગ એજન્સી તરફથી ગ્રાન્ટ/ફંડ ફાળવવામાં આવે છે ત્યારે અત્રેથી **વારંવાર સૂચનો કરવા છતાં** ઘણી કચેરીઓ દ્વારા આવા **ખર્ચાઓ ટ્રાન્સફર/ સરભર કરાવવામાં આવતા નથી**. **જેના કારણે મૂળ યોજનાઓના બજેટ સદરે ગ્રાન્ટ બચત રહે છે તેમજ જે અન્ય યોજનામાં ખર્ચ કરવામાં આવેલ હોય એ બજેટ સદરે યોજનાકીય હેતુ સિવાયનો વધુ ખર્ચ થયેલ જોવા મળે છે**. જે હિસાબી દ્રષ્ટિએ યોગ્ય જણાતું નથી. **જેના કારણે ભૂતકાળમાં ઘણા ઓડીટ પ્રશ્નો પણ ઉપસ્થિત થવા પામેલા છે**.

ઉપરોક્ત બાબતે જે કચેરીઓ દ્વારા જુદીજુદી યોજનાઓમાં ચાલુ **નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫** માં ઉક્ત વિગતે બીલો પાસ કરાવવામાં આવ્યા છે અને આ યોજનાઓની ફંડિંગ એજન્સી પાસેથી ગ્રાન્ટ મેળવી લેવામાં આવેલ હોય અથવા ચાલુ નાણાંકીય વર્ષના અંત પહેલા ફંડિંગ એજન્સી તરફથી ગ્રાન્ટ/ફંડ મેળવ્યા બાદ **તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં આવા ખર્ચાઓ ટ્રાન્સફર/ સરભર કરાવવાના રહેશે**. સદર બાબતે નિષ્કાળજી દાખવવામાં આવશે અને આ અંગે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના **ઓડીટ પ્રશ્નો** કે **નાણાંકીય અસ્થિરતા/ અવ્યવસ્થાના પ્રશ્નો** ઉપસ્થિત થવા પામશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના વડાશ્રીની તેમજ નાણા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે, જેની સર્વે ખાસ નોંધ લેવી.

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/બજેટ/૯૯૧/૨૦૨૫**
**નવસારી, તા.૦૧/૦૩/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.